અમરેલી,રાજકોટ, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૧૮-૨-૨૦૨૪ રવિવાર

# અવધ ટાઇમ્સ


AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ મહા સુદ ૮ વર્ષ : ૨૮ અંક ૧૬૦



Sheetal
ANY TIME TASTY
© 73000 51000


જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી


## ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા પેન્શન યોજના, વેતન સહિતના પ્રશ્ને

# અમરેલીમાં આંગણવાડી વર્કરોના ધરણા : આવેદન

**આંગણવાડી વર્કરોને તેડાગર બહેનો દ્વારા ધરણા યોજી પોતાની માંગણી ઉકેલવા સુત્રોચ્ચાર કર્યો : આંગણવાડી વર્કરો અને તેડાગર બહેનો દ્વારા રોષભેર રજુઆત**

**વેતન વધારવા, નવા મોબાઇલ આપવા, નિવૃતિ વય મર્યાદા વધારવા, પોષણ આહારદરોમાં વધારો કરવા, હેલ્પરોની નિમણુંક કરવા, દીવાળી બોનસ સહિતની માંગણી માટે સુત્રોચ્ચાર**



અમરેલી,
ગુજરાત આંગણવાડી કર્મચારીસંગઠનદ્વારાજાહેરથયાંમુજબ અમરેલી જિલ્લાની આંગણવાડી વર્કરો અને તેડાગર બહેનો દ્વારા આજે અમરેલીમાં ધરણા કરી સુત્રોચ્ચા સાથે આવેદન પત્ર પાઠવ્યું હતું. આંગણવાડી કર્મચારીસંગઠનદ્વારાપ્રશ્નોનીરજુઆત અનુસંધાને અધિકારી કક્ષાની બેઠક યોજનાર સુચનાઓ આપી હતી. તે મુજબ૯-૧૧-૨૩ના રોજ સચિવ કે.કે. નિરાલાની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી પણ આંગણવાડી બહેનોના પ્રશ્નોનો કેબિનેટ કક્ષાએ નિર્ણય કરવાનો હોય તે પ્રશ્નના ઉકેલ માટે સરકાર

(અનુ.પાના નં.૬)

# અમરેલી નાગરીક સહકારી બેંકમાં ચેક રીટર્ન કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરાયો

**ચેક મુજબની રકમ રૂા.૯૮,૫૯૪ વાર્ષિક ૯ ટકાના સાદા વ્યાજ સાથે ચુકવી આપવા હુકમ**

અમરેલી,અમરેલી નાગરીક સહકારી બેંકમાંથી ઈલેકટ્રોનીકસ વસ્તુઓ લેવા માટે ચિતલ રોડ ઉપર નવી વસાહત એરપોર્ટ પાછળ રહેતા આરોપી દિપકભાઈ ગોરધનભાઈ ડાભીએ રૂ/ ૧લાખ૧૪ટકાનાવ્યાજદરથીતા. ૨૦-૯-૨૨ ના નોંધ લીધેલ હોય.અને લોન કેસમાથયેલશરતોમુજબઆરોપીરકમ ભરતા ન હોય. જેથીબેંકની મુદલ તથા વ્યાજસહિતરકમચડતથતાઆરોપીએ રૂ/.૯૮,૫૯૪ નો ચેક એકસીસ બેંક

(અનુ.પાના નં.૬)

# ધારાબંદરથી ખત્રીવાડા દરિયાની ખાડીમાં સિંહબાળનું રેસ્ક્યુ કરાયું

**જસાધાર રેન્જમાં વિખુટા પડેલા સિંહબાળને બચાવી લેવાયું**

રાજુલા,
ધારાબંદરથી આગળ ખત્રીવાડા માણેક પુર વિસ્તારની દરિયાની ખાડીમાં એક સિંહબાળ ફસાય ગયું હતું આ વિસ્તાર ગીર સોમનાથ જીલાના ઉના તાલુકાનો છે અહીં જસાધાર રેન્જ વનવિભાગ દ્વારા આ વિખુટા પડેલા સિંહબાળને દરિયાની

(અનુ.પાના નં.૬)


## બિલાડી કુળના પ્રાણીનું ડુબવાના કારણે મૃત્યુ થયાનો પ્રથમ કિસ્સો

# જાફરાબાદના દરિયામાં સિંહણનો મૃતદેહ મળ્યો : ડુબી જવાથી મોત થયાની આશંકા

**ધારાબંદરમાં સિંહનો વસવાટ ન હોય અને ત્યાંનાં સમુદ્રમાંથી સિંહણની લાશ મળતા અનેક પ્રકારની શંકા કુશંકાઓ**

રાજુલા,(જયદેવ વરૂ)દેશની શાન અને ગુજરાતનું ગૌરવ સિંહો ગીર જંગલ છોડી રેવન્યુ અને શહેરી ગામડા સુધી અત્યાર સુધી સિંહો પોહચી રહ્યા હતા ત્યારે સિંહો ઈનફાઈટ ટ્રેન હડફેટે માર્ગ અકસ્માત અન્ય કારણોમાં અત્યાર સુધી અનેક વખત સિંહોના મૃત્યુ થય ચુક્યા છે પરંતુ હવે ગુજરાતની પહેલી ઘટના અમરેલી જિલ્લામા સામે આવી છે સિંહણ નું

(અનુ.પાના નં.૬)



ભગવાન સૌનું ભલુ કરો...
– રાજી રેજો
પ.પૂ. યોગીજી મહારાજ


બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૫૫૧૯૦
(૧૦ ગ્રામ)
અમરેલી
વધુ માહિતી માટે - ૬૩૫૨૪ ૩૧૩૬૬


અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ. ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

શ્રી ગણેશાય નમઃ
શ્રી બ્રહ્માણી માતાય નમઃ
આજથી ભવ્ય શુભારંભ
સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે અમારી કુળદેવી શ્રી બ્રહ્માણી માતા તથા અવધુત બાબા શ્રી શિવાનંદજી ની અસીમ કૃપાથી અમો અમારી નવી હોસ્પિટલ
રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ડો.પ્રતિક પ્રજાપતિ
નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ડો.જુહી ઠક્કર
નો શુભારંભ કરવા જઇ રહયા છીએ તે પ્રસંગ આપ સૌના આશિર્વાદ સાથે હાજરી અમારૂ પ્રેરકબળ બની રહેશે.
-:: તારીખ ::-
૧૮/૦૨/૨૦૨૪, રવિવાર
-:: સમય ::-
સવારે ૯ કલાકથી આપના આગમન સુધી
-:: શુભ સ્થળ ::-
પરમ હાઇટ્સ, બીજો માળ, ICICI BANK ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી - ૩૬૫૬૦૧
-:: નિમંત્રક ::-
ડો.પ્રતિક પ્રજાપતિ
MS Ortho DNB Ortho FIAS
ડો. જુહી ઠક્કર
MD Skin & VD

JBG Jay Bhagwati Group AGRICULTURE
Kubota Escorts Kubota Limited
સ્ટીલટ્રેકની તાકાત અને વિશ્વાસ સાથે... તહેવારોની કરીએ દમદાર શરૂઆત...
ડબલ ધમાકા ઓફર
હવે સ્ટીલટ્રેકનાં કોઇપણ મોડલની ખરીદી કરો કંપની ભાવથી
અમરેલી જિલ્લાના સ્ટીલટ્રેકનાં પ્રથમ ઓથોરાઇઝડ સપ્લાયર
15 HP શ્રેણી
માત્ર રૂા.૨,૩૫,૨૩૫/-
18 HP શ્રેણી
માત્ર રૂા.૨,૫૧,૨૫૧/-

PRICE GUARANTEE
તો હવે રાહ કોની જુવો છો !
આજે જ સ્કીમનો લાભ લ્યો.
સાથે ૪૫૦૦૦/- સબસીડી નો લાભ તો ખરો જ
STEELTRAC

આજીવન ડોર ટુ ડોર સર્વિસ
ભાર વહન, ખેડાણ અને સિંચાઇ માં સૌથી કુશળ, પરફોર્મન્સ... જાનદાર... સ્પીડ શાનદાર...
*શરતોને આધિન
ફાર્મટ્રેકની તાકાત અને વિશ્વાસ સાથે... તહેવારોની કરીએ દમદાર શરૂઆત...
ત્રીપલ ધમાકા ઓફર
હવે ફાર્મટ્રેકનાં કોઇપણ મોડલની ખરીદી કરો આકર્ષક કિંમત અને સ્કીમ સાથે
અમરેલી જિલ્લાનાં ફાર્મટ્રેકના ઓથોરાઇઝડ સપ્લાયર
ફાર્મટ્રેક ચેમ્પીયન 35 હોલેજ માસ્ટર
માત્ર રૂા.૫,૩૫,૫૩૫/-
ફાર્મટ્રેક 42
માત્ર રૂા.૭,૬૧,૧૧૧/-
અને સાથે મેળવો ૫.૫ ફુટનું રોટાવેટર ફ્રી

PRICE GUARANTEE
આજીવન ડોર ટુ ડોર સર્વિસ

સાથે ૪૫૦૦૦/- + ૪૫૦૦૦/- = ૯૦,૦૦૦/- સબસીડી નો લાભ તો ખરો જ
*શરતોને આધિન
-:: સ્ટાફ જોઇએ છે ::-
અમરેલી શો-રૂમ માટે શો-રૂમ ચલાવી શકે એવા ૧ વર્કિંગ પાર્ટનર અથવા મેનેજર જોઇએ છે
અમરેલી જિલ્લાના દરેક તાલુકા માટે ટ્રેક્ટર સેલ્સ કરી શકે એવા ૧૧ વ્યક્તિ જોઇએ છે
અમરેલી, સાવરકુંડલા, વિજપડી શો-રૂમ માટે ૫ મિકેનીક જોઇએ છે
અનુભવીને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
ઓથો.સપ્લાયર અમરેલી જિલ્લો
એસ્કોર્ટસ કયુબોટા લીમીટેડ
જય ભગવતી ટ્રેક્ટર્સ - વિજપડી
મો.૯૪૦૯૩ ૭૫૭૭૭, ૭૦૪૬૭ ૧૯૦૬૩ ૯૯૭૪૦ ૪૧૧૧૪

### અમરેલી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી જીતુભાઇ ગોળવાળા અને કેટી માસ્તરવાળા શ્રી કૈલાસભાઇ પારેખ પરિવારમાં માંગલિક પ્રસંગોનો અવધ હેરિટેજમાં શુભારંભ

# શ્રી સોમૈયા અને શ્રી પારેખ પરિવારમાં શુભવિવાહનો પ્રારંભ

**આજે અ.સૌ. પ્રજ્ઞાબહેન અને શ્રી જયંતભાઇ સોમૈયાની સુપુત્રી ચિ. રાધિકાના શુભલગ્ન અ.સૌ. સારીકાબહેન અને શ્રી કૈલાસભાઇ પારેખના સુપુત્ર ચિ. વેદાંત સાથે યોજાશે**

**અ.સૌ. શીતલબેન (ગૌરી) તથા શ્રી મહેશભાઇ જીતુભાઇ સોમૈયાના સુપુત્ર ચિ. ધ્યેય (રઘુ)ને યજ્ઞોપવિત ધારણ કરાવાશે : શ્રી જીતુભાઇ ગોળવાળા પરિવારમાં અનેરો ઉત્સાહ**















અમરેલી,

અમરેલીના લોહાણા સમાજ આગેવાન શ્રી જીતુભાઇ ગોળવાળા (સોમૈયા)અને કેટી માસ્તરવાળા શ્રી કૈલાસભાઇ પારેખ પરિવારમાં અવધ હેરિટેજ અમરેલી ખાતે લગ્નોત્સવ અને યજ્ઞો પવિત પ્રસંગનો શુભારંભ થયો છે.

તા. ૧૮ને રવિવારના રોજ શ્રી જીતુભાઇ ગોળવાળા પરિવારમાં ભવ્ય લગ્નોત્સવ અને યજ્ઞો પવિત યોજાનાર છે. અમરપુર વરૂડી અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે અ.સૌ. પ્રજ્ઞાબેન તથા શ્રી જયંતકુમાર પ્રભુદાસભાઇ સોમૈયાની સુપુત્રી ચિ. રાધિકાના શુભલગ્ન અમરેલી નિવાસી અ.સૌ. સારીકાબેન તથા શ્રી કૈલાસભાઇ પ્રવિણચંદ્રભાઇ પારેખના સુપુત્ર ચિ. વેદાંત સાથે આજે તા.૧૮-૨-૨૪ના રોજ લગ્નોત્સવ યોજાશે.

આ ઉપરાંત અ.સૌ. શિતલબેન (ગૌરીબેન) તથા મહેશભાઇ જીતુભાઇ સોમૈયાના સુપુત્ર ચિ. ધ્યેય(રઘુ)ને આજે યજ્ઞો પવિત ધારણ કરાવાશે. આ પ્રસંગે સગા સ્નેહી, વિવિધક્ષેત્રના આગેવાનો, વેપારીઓ ઉપસ્થિત રહી શુભકામના પાઠવશે.

નિયત કાર્યક્રમ મુજબ આજે તા.૧૮ને રવિવારે સવારે ૮-૩૦ કલાકે હલ્દીરસમ, સવારે ૧૧-૦૦ કલાકે ગૃહ શાંતિ યજ્ઞોપવિત, બપોરે ૧૨-૩૦ કલાકે કાશીયાત્રા, બપોરે ૧-૦૦ વાગ્યે ભોજન સમારોહ, સાંજે ૬-૩૦ કલાકે જાન આગમન અને સાંજે ૮-૧૫ કલાકે હસ્ત મેળાપ તથા ૮-૩૦ કલાકે સાંજે ભોજન સમારોહ યોજાનાર છે. આ કાર્યક્રમ માટે સોમૈયા પરિવાર દ્વારા તડામાર તૈયારીઓને આખરી ઓપ સાથે આજે શનીવારે તા. ૧૭ના માળારોપણ, સાંજી, મંડપરોપણ, ચુંદડી, ભોજન સમારોહ અને સંગીત સંધ્યા સાથે શુભ પ્રસંગોનો શુભારંભ થયો છે.

આ પ્રસંગે શ્રી પી.પી.સોજીત્રા, શ્રી મુકેશ સંઘાણી, શ્રી મનિષ સંઘાણી, શ્રી પ્રતાપ દુધાત, અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી ચતુરભાઇ અકબરી, કાર્યકારી પ્રમુખ શ્રી હરેશભાઇ સાદરાણી, ભાજપ અગ્રણી શ્રી યોગેશભાઇ ગણાત્રા, અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી ભગીરથ ત્રિવેદી, અમરેલી પાલિકાના પુર્વ કારોબારી ચેરમેન શ્રી સુરેશ શેખવા, અમરેલીનું ગૌરવ શ્રી રાજુભાઇ અજમેરા સહિતનાં શ્રી સોમૈયા અને શ્રી પારેખ પરિવારના સ્નેહીઓ, મિત્રો પધાર્યા હતા.


સરળ હપ્તેથી સોલાર વોટર હીટર વસાવો
નળ ચાલુ કરોને ગરમ પાણી
૨૪ કલાક ગરમ પાણીની ગેરંટી
અનુભવી પ્લમ્બર દ્વારા A to Z ફીટીંગ તમામ એસેસરીઝ સાથે
મજબુત સ્ટેન્ડ અને કાટ રહિત ટેંક
સ્થળ પર તાત્કાલિક સર્વિસ ગ્રામ્ય વિસ્તારમાં પણ ઉપલબ્ધ
લાભમ્ સિધ્ધિ વિનાયક કોમ્પલેક્ષ, શોપ નં.૨૩, એસ.ટી.ડિવીઝનની બાજુમાં, લાઠી રોડ, અમરેલી : મો.૯૮૯૮૧ ૧૫૬૩૧

લાભમ્ પ્રોપર્ટીઝ અમરેલી
અમરેલી શહેરના કોઈપણ વિસ્તારમાં
દુકાન-પ્લોટ-મકાન-ફલેટ
ખેતીની જમીન-જેન્યુન ભાવથી લે-વેચ માટે તેમજ ભાડેથી લેવા-દેવા માટે સંપર્ક કરો..
સંપર્ક : મો.૯૪૨૮૯ ૭૦૯૫૪

હવે મળશે 3 KW પર ₹56000 ના બદલે
₹78000 સબસીડી
એ પણ સરળ હપ્તે...
તો આજે જ અમારો સંપર્ક કરો...
લાભમ્ : અમરેલી મો.૯૪૨૮૮ ૮૮૦૯૮

એલર્જી - શ્વાસ - કફ
સ્પાયરોમેટ્રી સુવિધા
ડો. ડબાવાલા
ફેફસાના નિષ્ણાંત
અમરેલી. ફો.૨૨૩૦૧૫ (૪૪ વર્ષથી)

હોલસેલ તથા રીટેઈલમાં ખરીદવા માટે
UltraTech CEMENT The Engineer's Choice
સ્ટોકીસ્ટ
ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ
માર્કેટીંગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

જય રામદેવ ટ્રાવેલ્સ
ખાંભા, ધારી, તાતણીયા, નેસડી, અમરેલી NON AC
વિસાવદર, ધારી, અમરેલી NON AC
વાયા : આણંદ, વડોદરા સીટી, શાણી જકાતનાકા, કાલાઘોડા, લાલબાગ, ફતેગઢ, જાંબવાબ્રીજ, ભરૂચ, અંકલેશ્વર, સુરત
ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી
મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૪૨૮૩ ૪૧૪૩૨, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૭૨૭૪ ૯૭૭૨૫, ૯૪૨૬૨ ૬૪૬૩૮ : Online booking : www.jayramdevtravels.com

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

મકાન વેચવાનું છે
અમરેલીમાં લીલીયા રોડ, શ્યામનગર-૧ માં 4BHK સંપુર્ણ સગવડતા સાથેનું ૧ વસો જગ્યા ધરાવતુ પાણીના દાર સહિતનું મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૭૯૮૪૮ ૭૪૦૫૭

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

સ્વાદના શોખીનો માટે ખુશખબર...
સત્ અમર
રાજસ્થાની સ્પે. દાલબાટી
માત્ર રૂા.૧૩૦/- માં અનલીમીટેડ
મો.૯૭૧૨૧ ૭૦૬૪૮, ૯૯૭૯૩ ૯૭૩૦૨, ૯૯૨૫૧ ૭૪૨૨૯
બ્રાન્ચ : ભેસાણ - જુનાગઢ
સ્થળ : લાઠી રોડ, લાલાવાવ હનુમાન મંદિરની આગળ, સોનાલીકા ટ્રેક્ટરના શો-રૂમની સામે, અમરેલી

## બાબરાના નિલવડાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશેલા કર્મચારીઓ સામે વનતંત્ર દ્વારા લેવાઇ રહેલા પગલાઓ

# બાબરા: રિઝર્વ ફોરેસ્ટમાં પ્રવેશતી મશીનરી અટકાવતુ વનતંત્ર


### બાબરા તાલુકામાં ખેડુતો અને પવનચક્કી કંપની વચ્ચે ચાલતા વિવાદ વચ્ચે વનતંત્ર દ્વારા રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં પ્રવેશતા આઠથી વધુ મશીનરીઓને અટકાવતું વનતંત્ર

### રિઝર્વ ફોરેન્ટમાં પવનચક્કીઓ ગેરકાયદેસર રીતે અનેક કામો કરતા હોવાનો શ્રી વિરજીભાઇ ઠુમ્મરનો આરોપ : આઠયે વાહનો સામે ફરિયાદ દાખલ કરવા માંગણી કરી

બાબરા,બાબરાના નિલવડામાં આવેલ રિઝર્વફોરેસ્ટમાંપવનચક્કીમાટેનાસાધનો લઈ ગેરકાયદેસર પ્રવેશ કરનારા વાહનો મામલે વન વિભાગે ફરિયાદ નોંધી છે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર અમરેલી જિલ્લાનાં બાબરા, લાઠી વિસ્તારમાં મોટા પ્રમાણમાં પવનચક્કીઓ નાખવા માટે ખાનગી કંપનીઓ કામ કરી રહી છે. જેમાં બાબરા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં ત્યાં પવનચક્કીઓ નાખતા ખેડુતો અને ખાનગી કંપનીઓ વચ્ચે વિવાદો ચરમ સીમાએ પહોંચ્યા હતા. જેને કારણે સમગ્ર આ મામલો અમરેલીના કલેકટર સુધી પણ પહોંચ્યો હતો. જ્યારે મોડી રાત્રે ત્રણ વાગ્યા આસપાસ પવનચક્કીની મશીનરી ટ્રેલરો ટ્રક, ક્રેન જેવી વિવિધ પ્રકારની આઠથી વધુ મશીનરીઓ રાત્રે ખાનગી રાહે બાબરાના નિલવડા નજીક આવેલ સરસીયા રેન્જમાં આવતા વિસ્તાર રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે પ્રવેશતા વન વિભાગની ટીમે પેટ્રોલીંગ દરમિયાન તમામ વાહનો અટકાવી રખાવી દીધા હતા અને આ મામલે વન વિભાગ દ્વારા ફરિયાદ પણ નોંધવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રિઝર્વ ફોરેસ્ટમાં પવનચક્કીઓ ગેરકાયદેસર રીતે અનેક કામો કરતા હોવાનો પુર્વ ધારાસભ્ય શ્રી વિરજીભાઈ ઠુંમરે આરોપ મુકી આઠેય વાહનો સામે ફરિયાદ દાખલ કરવા માંગણી કરી હતી. બાદમાં વન વિભાગે ફરિયાદ દાખલ કર્યાનું પણ જાણવા મળ્યું છે.

# સાવરકુંડલામાં આજે સંત શિરોમણીશ્રી શામજીબાપુની ૪૧મી પુણ્યતિથી ઉજવાશે

### પુ. શ્રી કાનજીબાપુની જગ્યામાં આજે પુજન વિધી, શોભાયાત્રા, પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે



સાવરકુંડલા,શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ સાવરકુંડલા દ્વારા પરમ પૂજ્ય સંત શિરોમણી દિવગંત સંત શ્રી શામજીબાપુની ૪૧મી પુણ્યતિથિ મહોત્સવ તારીખ ૧૮/૨/૨૦૨૪ને રવિવારે કાનજીબાપુની જગ્યા સાવરકુંડલા ખાતે આ ઉત્સવ ઉજવવા જઈ રહ્યો છે ત્યારે રવિવારે સવારે ૭:૩૦ કલાકે પૂજન વિધિ યોજાશે અને ત્યારબાદ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગ પર ફરશે. તારીખ ૧૮/૨/ ૨૦૨૪ ને રવિવારે સવારે ૮:૪૫ કલાકે પરમ પૂજ્ય કાનજી બાપુ ની જગ્યા માંથી પ્રસ્થાન કરી શહેરના મુખ્ય માર્ગોપર શોભાયાત્રા નીકળશે તેમજ મુખ્ય સૌજન્યકર્તાઓ તથા સહાયક સૌજન્યકર્તાઓ વિશાળ જ્ઞાતિજનો સાથે ભક્તોસાથે આ શોભાયાત્રા ફરશે કળશ બેડા સાથે જ્ઞાતિની બહેનો શોભાયાત્રામાં અભિવૃદ્ધિ કરશે. જ્યારે શોભાયાત્રા બાદ કાનજી બાપુ ની જગ્યા સાવરકુંડલા ખાતે પ્રસાદીનું આયોજન પણ કરેલ છે. ત્યારે રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો સાથે શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ દ્વારા પરમ પૂજ્ય સંત શિરોમણી શામજી બાપુની ૪૧મી પુણ્યતિથિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાશે.

### તારીખ ૨૯ થી ૩ સુધી સમગ્ર ધારી પંથકમાં તડામાર તૈયારીઓનો પ્રારંભ

# માલસીકા દરબાર અને અમરેલી જિલ્લા પંચાયતના પુર્વ ઉપપ્રમુખ શ્રી ભુપતભાઇ વાળાના આંગણે રૂડો અવસર

### અમરેલીનાં વિખ્યાત તબીબ ડો. ભગીરથ વાળા અને તેમના લઘુબંધુ શ્રી નિર્મળભાઇ વાળાના શુભ વિવાહ યોજાશે

અમરેલી, (ડેસ્કરિપોર્ટર)

માલસીકા દરબાર હાલ ધારી અને અમરેલી જિલ્લા પંચાયતના પુર્વ ઉપપ્રમુખ તથા કાઠી ક્ષત્રિય સમાજનાં આગેવાન શ્રી ભુપતભાઈ ભાયાબાપુ વાળાના આંગણે રૂડો લગ્નોત્સવ યોજાનાર છે જેમાં અમરેલીનાં વિખ્યાત ડેન્ટીસ્ટ ડો. ભગીરથ વાળા અને તેમના લઘુબંધુ શ્રી નિર્મળભાઈની જાન જોડાશે.

શ્રી ભુપતભાઈ વાળાના સુપુત્ર ચિ. ડો. ભગીરથભાઈ બી.ડી.એસ. ના શુભવિવાહ લેરીયા નિવાસી શ્રી નરેન્દ્રભાઈ જીજુભાઈ કોટીલાના સુપુત્રી ચિ. ડો. વંદનાબેન



બી.એ.એમ.એસ. સાથે તા.૨ ને શનિવારના યોજાશે જ્યારે શ્રી ભુપતભાઈનાં નાના દિકરા ચિ. નિર્મળભાઈ એમ.એસ.સી. એગ્રી. ના શુભવિવાહ ચિરોડા નિવાસી સ્વ. યોગેશભાઈ ખોડભાઈ શેખવાના સુપુત્રી ચિ. ધ્રુવીકાબેન એમ.કોમ. સાથે તા.૩ ના યોજાશે.

કાઠીયાવાડ કન્ટ્રક્શન ધારી, જયેશ પેટ્રોલીયમ ધારી, અર્થ ડેન્ટલ હોસ્પિટલ અમરેલી, અર્થ ડેન્ટલ હોસ્પિટલ ધારી સહિતના વ્યવસાયીક સંસ્થાનો અને કાઠી ક્ષત્રિય સમાજમાં માનભર્યુ સ્થાન ધરાવતા શ્રી ભુપતભાઈ વાળાના આંગણે તા.૨૯નાં મંડપ મુહુર્ત, તા.૧ ના ભોજન સમારોહ તથા તા.૧ ના રાત્રે ૯ વાગ્યે શ્રી રાજભા ગઢવી, શ્રી બીરજુ બારોટ, શ્રી હરેશદાન સુરૂ, શ્રી શિવરાજભાઈ વાળા, શ્રી વિજયદાન ગઢવી જેવા વિખ્યાત લોકસાહિત્યકારોનો ભાતીગળ લોકડાયરો યોજાશે અને તા.૨૯ થી સમગ્ર ધારી પંથકમાં આ વિસ્તારના મોભી શ્રી ભુપતભાઈના આંગણે રૂડો અવસર હોય તેની તડામાર તૈયારીઓ સાથે ઉમંગ છવાયો છે.

# સમસ્ત રઘુવંશી પરિવાર દ્વારા રામધામમાં અનેક ધાર્મિક કાર્યક્રમો

### ઝાલીડામાં સમસ્ત રઘુવંશી પરિવાર દ્વારા ભવ્ય શ્રીરામ મંદિરનું નવનિર્માણ કરાશે



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

સમસ્ત રઘુવંશી પરિવાર દ્વારા નવનિર્માણ પામી રહેલ અને સમસ્ત રઘુવંશી પરિવારનુ આસ્થાનું પ્રતીક એવા શ્રીરામધામ મંદિરનું નિર્માણ થઈ રહયુ છે ત્યારે આજરોજ શ્રીરામધામની વર્ણાગી વાકાનેર લોહાણા મહાજન વાડીએથી નીકળી હતી જેમાં ગુજરાતના ખૂણે ખૂણેથી રઘુવંશી પરિવારના ભાઈઓ તથા બહેનો પધાર્યા હતા.

જે બપોરનાં ૩:૩૦ કલાકે વર્ણાગી નીકળી હતી અને પાંચ કિલોમીટર જેટલી લાંબી વર્ણાગી વાંકાનેર થી ઝાલીડા રામધામ ખાતે પહોંચી હતી આ કાર્યક્રમની મુખ્ય આગેવાની વાંકાનેરના ધારાસભ્ય અને રઘુવંશી પરિવારના અગ્રણી જીતુભાઈ સોમાણીના રાહબર હેઠળ કાર્યક્રમ યોજાયો અને હવે ત્રણ દિવસ રામધામ ખાતે ૧૦૮ કુંડી યજ્ઞનું આયોજનની સાથે અનેક ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવ્યા છે જેમાં દરેક ગામ માથી પધારેલ યજમાનો હોમાત્મક આહુતિઓ આપશે અને રવિવાર ના રોજ સંત સંમેલન સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે આ કાર્યક્રમ માં જૂનાગઢ ના ડે. મેયર અને રઘુવંશી પરિવારના અગ્રણી ગીરીશભાઈ કોટેચા બગસરા લોહાણા મહાજન પ્રમુખ ભીખુભાઈ સેજપાલ ટ્રસ્ટી ચંદુભાઈ સૂચક કિરીટભાઈ કેસરિયા કિરીટભાઈ જીવાણી એ બગસરા લોહાણા મહાજન વતી હાજર રહી આગેવાની કરેલ.

# જુનાગઢમાં પોલિસે ઈંગ્લીશ દારૂની ૩૯ બોટલ સાથે એક શખ્સને ઝડપી લીધો

### પોલીસે રીક્ષા મળી ૬૭ હજારનો મુદામાલ કબ્જે લીધો

જુનાગઢ, (હિતેશ પારેખ) જુનાગઢ એ ડિવિઝન પોલિસ મથકના એ.એસ.આઈ. એસ.ઓ. શાંધ , પો.કોન્સ. ભુપતસિંહ સીસોદીયા, અજયસિંહ , રામભાઈ , વિક્રમભાઈ,નિલેશભાઈ તથા કલ્પેશભાઈએ પેટ્રોલીંગ દરમ્યાન ગાંધીગ્રામમા રહેતા ઘેલા આવડાભાઈ મોરીને પ્યાગો રીક્ષા જી.જે.૦૭એ.ટી.૦૩૨૦માં ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડનો ૩૯ બોટલ રૂ/.૧૭૦૪૦ તથા રીક્ષા રૂ/.૫૦,૦૦૦ મળી કુલ રૂ/.૬૭૦૪૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૨૦/૨૦૨૩૪

તા.૧૬/૦૨/૨૦૨૪

અરજદાર :- શ્રી ખોડાભાઈ લાલજીભાઈ કોરાટ રહે.ધારી-હરીપરા, તા.ધારી

વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી હરીપરા ગ્રામ પંચાયત તા.ધારી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી ખોડાભાઈ લાલજીભાઈ કોરાટ રહે. હરીપરા, તા.ધારીવાળાએ તેમના પુત્ર નામે જગદીશ ખોડાભાઈ કોરાટનો જન્મ તા.૦૧-૦૬-૧૯૭૮ ના રોજ ધારી તાલુકાના, ધારી-હરીપરા મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧-૦૩-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સ્થળ : ધારી

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૧૪૫/૨૦૨૪

તા.૧૬/૦૨/૨૦૨૪

અરજદાર :- શ્રી સવિતાબેન વા/ઓ પાંચાભાઈ ગોધાત રહે.દલખાણીયા, તા.ધારી

વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી દલખાણીયા ગ્રામ પંચાયત તા.ધારી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી સવિતાબેન વા/ઓ પાંચાભાઈ ગોધાત રહે. દલખાણીયા તા.ધારીવાળાએ તેમની પુત્રી નામે રંજન પાંચા ગોધાતનો જન્મ તા.૦૧-૦૬-૧૯૭૫ ના રોજ ધારી તાલુકાના દલખાણીયા મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪-૦૩-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સ્થળ : ધારી

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૬૦/૨૦૨૪

તા.૧૬/૦૨/૨૦૨૪

અરજદાર :- શ્રી હંસાબેન લાલજીભાઈ વોરા તે ચીમનભાઈ સુખડીયાના પત્ની રહે.ઈંગોરાળા ભાડ, તા.ખાંભા

વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી લાખાપાદર ગ્રામ પંચાયત તા.ધારી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી હંસાબેન લાલજીભાઈ વોરા રહે.ઈંગોરાળા ભાડ તા.ખાંભાવાળાએ તેમના માતા લાભુબેન લાલજીભાઈ વોરાનું અવસાન તા.૦૪-૧૧-૨૦૧૯ ના રોજ ધારી તાલુકાના લાખાપાદર મુકામે થયેલ હોવા ની મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪-૦૩-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સ્થળ : ધારી

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૫૯/૨૦૨૩૪

તા.૧૬/૦૨/૨૦૨૪

અરજદાર :- શ્રી કાળુભાઈ બાલુભાઈ વોરા રહે.લાખાપાદર, તા.ધારી

વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી લાખાપાદર ગ્રામ પંચાયત તા.ધારી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી કાળુભાઈ બાલુભાઈ વોરા રહે. લાખાપાદર તા.ધારી વાળાએ તેમના માતા નામે વિમળાબેન બાલુભાઈ વોરાનું અવસાન તા.૨૧-૦૪-૧૯૯૫ ના રોજ ધારી તાલુકાના લાખાપાદર મુકામે થયેલ હોવા ની મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯-૦૩-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સ્થળ : ધારી

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૧૨૬/૨૦૨૪

તા.૧૬/૦૨/૨૦૨૪

અરજદાર :- શ્રી બાબુભાઈ નાનજીભાઈ રૂડાણી રહે.લાઇનપરા-ધારી

વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી લાઇનપરા ગ્રામ પંચાયત તા.ધારી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી બાબુભાઈ નાનજીભાઈ રૂડાણી રહે. લાઇનપરા તા.ધારી વાળાએ તેમના પુત્રી નામે મીનાબેન બાબુભાઈ રૂડાણીનો જન્મ તા.૦૧-૦૬-૧૯૭૨ ના રોજ ધારી તાલુકાના લાઇનપરા મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧-૦૩-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સ્થળ : ધારી

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૧૩૪/૨૦૨૪

તા.૧૬/૦૨/૨૦૨૪

અરજદાર :- શ્રી બાલુભાઈ દેવશીભાઈ ડાભી રહે.પ્રેમપરા-ધારી

વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી સોઢાપરા ગ્રામ પંચાયત તા.ધારી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી બાલુભાઈ દેવશીભાઈ ડાભી રહે. ધારી-પ્રેમપરા, તા.ધારી વાળાએ તેમના પુત્ર નામે ભાવિક બાલુભાઈ ડાભીનો જન્મ તા.૦૮-૦૩-૨૦૦૨ ના રોજ ધારી તાલુકાના સોઢાપરા મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪-૦૩-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સ્થળ : ધારી

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૩૮-૨૦૨૪............મુ.તા.૧૪-૦૩-૨૦૨૪

અરજદાર : મંગુબેન ભીમજીભાઈ અરજણભાઈ ડોબરીયા રહે.મોટા બારમણ, તા.ખાંભા

અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી મોટા બારમણ, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પતિ ભીમજીભાઈ અરજણભાઈ ડોબરીયાનું અવસાન તા.૨૬-૦૯-૧૯૮૪ નારોજ ગામ મોટા બારમણ તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પતિના મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૪-૦૩-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૧૪-૦૨-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |





☎ 94281 90118

॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥

વિન્ટર કલેકશન

ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ

એક-એકથી ચડીયાતા વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી

વિન્ટર ટી-શર્ટ, વુલી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...

એક જ ભાવ

ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન

ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)


સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઇલ સામે, અમરેલી.



અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું

હારમની વિકેન્ડ વિલા

અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા




આ છે અહીંની વિશેષતાઓ...
- વિટ્રીફાઇ ટાઇલ્સ
- સ્ટાન્ડર્ડ કવોલીટીમાં બાથરૂમ ફીટીંગ
- સ્ટાન્ડર્ડ બારી દરવાજા
- મેઇન ગેટે સિક્યુરીટી
- ગ્રેનાઇટ પ્લેટફોર્મ
- ૨૪ કલાક જનરેટરની સુવિધા
- આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
- સ્ટીલ ગ્રેલીંગ
- આર.સી.સી. રોડ
- સીસીટીવી કેમેરાથી સુસજ્જ

અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ

ટાઇટલ કલીયર લોનેબલ

સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી

વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩



MARUTI SUZUKI ARENA | VITARA BREZZA




Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999

Alpha Autolink

મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
# અવધ ટાઈમ્સ
તા.૧૮-૨-૨૦૨૪ રવિવાર

## ભારતીય નૌકાદળમાં હવે સામાન્ય સમયે ભારતીય પોષાકને ઐતિહાસિક મંજુરી

નૌકાદળના અધિકારીઓ અને ખલાસીઓ હવે મેસમાં કુર્તા-પાયજામા પહેરશે. સેનામાં ભારતીય પરંપરાઓને અપનાવવા અને સંસ્થાનવાદી યુગના અવશેષોથી છુટકારો મેળવવા માટે આ પહેલ કરવામાં આવી છે. સૂત્રોનું કહેવું છે કે નૌકાદળ સંસ્થાનવાદી પરંપરાઓ અને પ્રથાઓને દૂર કરવાના હેતુથી ભારતીય પરંપરાગત પહેરવેશ (કુર્તા)ને મંજૂરી આપવા અંગે ચર્ચા કરી રહી છે. નૌકાદળમાં વોર્ડરૂમ અને ઓફિસર્સ મેસમાં પહેરવામાં આવતા યુનિફોર્મની યાદીમાં પરંપરાગત ભારતીય પોશાકનો સમાવેશ કરવા માટે વિચારણા કરવામાં આવી રહી હતી અને છેવટે ભારતીય પોષાકને મંજુરી મળી ગઈ છે.

એમાં કોઈ શંકા નથી કે આપણો પહેરવેશ સંસ્કૃતિ અને ઈતિહાસ સાથે પણ જોડાયેલો છે. અને, કપડાં અને પોષાક ઓળખનો પણ ભાગ છે. પરંતુ ભારતના સંદર્ભમાં એ સમજવું જરૂરી છે કે વિવિધતા એ તેનો સ્વભાવ રહ્યો છે. વિવિધ ધર્મ અને જાતિના લોકો બહારથી આવ્યા અને આ સ્થળના જીવન, સંસ્કૃતિ અને ઈતિહાસનો એક ભાગ બની ગયા. આ લોકોએ ભારતીય સંસ્કૃતિમાંથી ઘણી વસ્તુઓ અપનાવી અને અહીંની સંસ્કૃતિને ઘણી વસ્તુઓ આપી. આ વસ્તુઓ હજુ પણ ભારતની બોલી, ભાષા, ખોરાક થી લઈ ને વસ્ત્રોનો એક ભાગ છે. હવે ખલાસીઓને મેસમાં જે કુર્તા-પાયજામા પહેરવાનું કહેવામાં આવ્યું છે તેનો ઈતિહાસ પણ આ વિવિધતાનો અરીસો છે.

વાસ્તવમાં, સલવાર-કમીઝનું એક સ્વરૂપ કુર્તા-પાયજામા છે, જે મુઘલો પહેરતા હતા. તે જ સમયે, શેરવાની તુર્કી અને પર્શિયાના લોકો સાથે ભારતીય સંસ્કૃતિમાં આવી. કપડાં એ ઓળખની સાથે સાથે સામાજિક દરજ્જાનું પણ પ્રતીક છે. રાજાઓ અને બાદશાહોના સમયમાં રાજવી પરિવાર, દરબારીઓ અને સામાન્ય લોકોના પહેરવેશમાં ફરક રહેતો હતો. સંસ્થાનવાદી સમયગાળા દરમિયાન, અંગ્રેજોની જેમ પોશાક પહેરનારા, તેમની ભાષામાં બોલતા અને પોતાને અન્ય ભારતીયો કરતાં શ્રેષ્ઠ માનનારા ભારતીયોની કોઈ કમી નહોતી.

એટલું જ નહીં, જ્યારે અંગ્રેજોએ પોતાના ફાયદા માટે ભારતીય કાપડ ઉદ્યોગને નષ્ટ કરવાનું શરૂ કર્યું ત્યારે મહાત્મા ગાંધીએ વિદેશી કપડાંનો બહિષ્કાર કરવાનું આહ્વાન કર્યું. તે પછી પ્રતિકારનું સાધન અને સ્વતંત્રતા ચળવળનું પ્રતીક બની ગયું. એવું નથી કે સામાજિક સ્થિતિ અને કપડાં વચ્ચેનો આ સંબંધ ખતમ થઈ ગયો છે. આજે પણ અમીરો શું પહેરે છે તેની ચર્ચા થાય છે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ અને ઓસ્કર જેવા તહેવારોમાં રેડ કાર્પેટ પર સેલિબ્રિટીઓને પૂછવામાં આવે છે કે તેઓ કયા ડિઝાઈનરના કપડાં પહેરે છે. આ તેમની અલગ ઓળખ બનાવે છે.

ગુચી, અરમાની, જિમ્મી, લૂઈસ વીટન જેવી બ્રાન્ડ ફૂલીફાલી રહી છે કારણ કે સમાજનો એક વર્ગ કપડાં, પગરખાં અને બેગ દ્વારા તેમની સારી સામાજિક સ્થિતિ જાહેર કરવા ઈચ્છે છે. આ પ્રવાહ પ્રત્યે મધ્યમ વર્ગના સમાજનું આકર્ષણ સમાજશાસ્ત્રી એમએન શ્રીનિવાસના સંસ્કૃતિકરણના સિદ્ધાંત પરથી સમજી શકાય છે. આ કારણોસર, ઝારા અને એચએન્ડએમ જેવી બ્રાન્ડ્સ ભારતમાં ખૂબ જ ઝડપથી વિશાળ બજાર બનાવવામાં સફળ રહી છે. તેઓ નેવુંના દાયકાના આર્થિક સુધારા સાથે શરૂ થયેલા નવા ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. ત્યારબાદ ભારતે તેના બજારો વિશ્વ માટે ખોલી દીધા. વૈશ્વિકીકરણની સીડીઓ ચઢીને તે વિશ્વની પમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની.

આજે મીડિયા અને ઈન્ટરનેટને કારણે લોકો વિશ્વના કપડાં અને લેટેસ્ટ ફેશનથી વાકેફ છે. અલબત્ત, ભારતીયોને તેમના વારસા પર ગર્વ છે, પરંતુ તેઓ ડ્રેસિંગ સંબંધિત કોઈ બંધનોથી બંધાયેલા નથી. તેને વેસ્ટર્ન ડ્રેસ વિશે કોઈ સંકોચ નથી કે જીન્સ પ્રત્યે કોઈ વાંધો નથી. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના ઘોંઘાટ વચ્ચે ભારતીયોએ વિવિધતાના વારસાને જીવંત રાખ્યો છે, જે ભવિષ્યમાં પણ ખીલતો રહેશે.

ભારતમાં, પ્રદેશની વંશીયતા, ભૂગોળ, આબોહવા અને સાંસ્કૃતિક પરંપરાઓના આધારે વિવિધ પ્રકારનાં કપડાં પહેરવામાં આવે છે. જોકે ભારત સરકારે સત્તાવાર રીતે કોઈપણ સ્કાર્ફને રાષ્ટ્રીય પહેરવેશનો દરજ્જો આપ્યો નથી, પરંતુ જોધપુરી કોટ-પેઈન્ટને બિનસત્તાવાર રીતે ભારતના રાષ્ટ્રીય પહેરવેશનો દરજ્જો મળ્યો છે. વેદોમાં સાડીનો ઉલ્લેખ વાસ અને અધિવાસ તરીકે થયો છે. સાડી શબ્દનો સૌથી પ્રથમ ઉલ્લેખ યજુર્વેદમાં થયો છે. બીજી તરફ ગ્વેદની સંહિતા મુજબ યજ્ઞ કે હવન સમયે મહિલાઓ માટે સાડી પહેરવાના નિયમો પણ છે.

### અમરેલી જિલ્લામાં બે કમોતના બનાવો

# સાવરકુંડલામાં મહિલાએ ગળાફાંસો ખાતા અને હુડલીમાં પ્રૌઢનું પડી જતા મોત નિપજયાં

### જુદા જુદા કમોતના બે બનાવો બન્યાનું સાવરકુંડલા અને ધારી પોલીસ મથકમાં જાહેર કરાયું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી જિલ્લામાં જુદા જુદા બે કમોતના બનાવો પોલીસમાં જાહેર થયાં છે. જેમાં સાવરકુંડલામાં મહિલાનું ગળા ફાંસો ખાઈ જતાં અને ધારીની હુડલીમાં પ્રૌઢનું પડી જતા મોત નિપજયું હતું.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર સાવરકુંડલા જેસર રોડ જીઈબી પાછળ રહેતી રંજનબેન ભરતભાઈ પરમાર ઉ.વ. ૩૪ના બીજા લગ્ન આજથી સાડા છ વર્ષ પહેલા થયેલ હોય. મરણજનારને થોડાક દિવસથી પારકો પલો હોય અને જેના કારણે માનસિક સંતુલન ગુમાવી બેસતા પોતાના ઘરે પોતે પોતાની મેળે ગળા ફાંસો ખાઈ જતાં મૃત્યુ પામ્યાનું પતિ ભરતભાઈ છનાભાઈ પરમારે સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં ધારી તાલુકા હુડલી ગામના મથુરભાઈ પોપટભાઈ ચાવડા ઉ.વ.૪૨ને પગે પોલીયો ગ્રસ્થ હોય અને લંગડાતા ચાલતા હોય. તા.૧૬-૨ના બપોર બાદ સાયકલ લઈ પોતાના રહેણાંક મકાનના ફળિયામાં ગેટ ખોલવા જતાં અકસ્માતે સાયકલ સાથે ઉંધા માથે પડી જતાં ડાબા હાથે ખંભાથી કોણી સુધી છોલાણ થયેલ અને છાંતાના ડાબા ભાગે મુંઢ ઈજા થતાં મૃત્યુ પામ્યાનું મનસુખભાઈ પોપટભાઈ ચાવડાએ ચલાલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

### ભોળપણનો લાભ લઇ ફરવા જઇને લાલચ આપી

## અમરેલીની સગીરાનું અપહરણ કરી લાઠીના શખ્સે બળાત્કાર ગુજાર્યો

### સગીરાની માતાએ લાઠીના શખ્સ સામે બળાત્કાર ગુજાર્યાની ફરિયાદ નોંધાવી

અમરેલી, અમરેલીની સગીરાને તા.૧૬-૨-૨૪ના ભોળપણાનો લાભ લઈ ફરવા જવાની લાલચ આપી વાલીપણામાંથી અમરેલી નાગનાથ બસ સ્ટેન્ડ પાસે થી અપહરણ કરી લાઠીના રાહુલ સવજીભાઈ વાઘેલા લાઠી ખાતે પ્રથમ બગીચે બાદ પોતાના રહેણાંક મકાને લઈ જઈ સગીરાને શરીર સબંધ બાંધવાનું કહેતા ના પાડતા શરીર સબંધ બાંધી સગીરવય હોય અને તે સંમતિ આપવા તે અમસર્થ હતી તેમ છતાં શારિરીક અડપલા કરી બળાત્કાર ગુજારી સગીરાને ગળાના ભાગે ગાલ પર બટકુ ભરી ઈજા પહોંચાડયાની સગીરાની માતાએ અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા આ બનાવની તપાસ પીઆઈ ડી.કે. વાઘેલા ચલાવી રહ્યા છે.

## લાઠીના માલવીયા પીપરીયામાં પરિણીતાને ત્રાસ અપાયો

### વધુ કરિયાવરની માંગ કરી ત્રાસ આપ્યાની ધારી પોલીસમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) લાઠીના માલવીયા પીપરીયા ગામ હાલ પિયર ધારીના સુખપુર રહેતી ગીતાબેન ઉ.વ.૨૯ને પતિ જીતેશ કાનજીભાઈ ભાસ્કર નાની બાબતમાં મેણા મારી મારકુટ કરી વધુ કરિયાવરની માંગણી કરી ત્રાસ આપ્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલામાં વાલીપણામાંથી સગીરાનું અપહરણ કરી ગયાની ફરિયાદ દાખલ

### લલચાવી ફોસલાવી બદકામના ઇરાદે કરાયેલું અપહરણ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) સાવરકુંડલામાં સગીરાનું જયેશ કાળુભાઈ સોલંકી ઉ.વ.૨૩ રહે. સાવરકુંડલા ઈન્દીરા વસાહત વાળો બદ ઈરાદે લલચાવી ફોસલાવી વાલીપણામાંથી અપહરણ કરી ગયાની સગીરાના પિતાએ સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## લાઠીના ઝરખીયામાં લૂંટ કરનાર શખ્સને ઝડપી પાડતી અમરેલી એલસીબી ટીમ

### રૂા.૨૨ હજારની લૂંટ કરી નાસી ગયાની ફરિયાદ થયેલી

અમરેલી, લાઠી તાલુકાના ઝરખીયા ગામે ગીતાબેન કાળુભાઈ સભાયાના મકાનમાં તા. ૨૩-૧૨-૨૩ ના રાત્રિના કોઈ અજાણ્યા શખ્સે દિવાલ કુદી રૂમના દરવાજાના નકુચા તોડી રૂમમાં પ્રવેશી ગીતાબેનના મોઢાના ભાગે હાથ વડે દાબી પાઈપ વડે મારમારી મુંઢ ઈજા કરી ધમકી આપી રોકડ રૂ/.૧૨,૦૦૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ રૂ/-૧૦,૦૦૦ કુલ રૂ/.૨૨,૦૦૦ની લુંટ ચલાવી નાસી ગયાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર તથા પોલિસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અનડીટેકટ ગુનાના આરોપીને શોધી કાઢવા અમરેલી એલસીબીને માર્ગદર્શન આપેલ.પી.આઈ. એ.એમ. પટેલની હેઠળ પી,એસ.આઈ. એમ.બી.ગોહેલ, એ.એસ.આઈ. જાવેદભાઈ ચૌહાણ, બહાદુરભાઈ વાળા હે.કોન્સ. મનિષભાઈ જાની, લીલેશભાઈ બાબરીયા, પો.કોન્સ. યુવરાસિંહ વાળા ,રાહુલભાઈ ઢાપા, વિનુભાઈ બારૈયા દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન કિશોર સુરાભાઈ વાઘેલા રહે. મોટા દેવળીયા, તા. બાબરાવાળાને ઝડપી પાડયો હતો. જયારે આ ગુનામાં રાઢીયાના જયંતિ ગોબરભાઈ માથાસુળીયા તથા બગસરાના હરેશ કેશુભાઈ માથાસુળીયાને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

## રાજુલામાં એસટી ડેપો નજીક બે બાઇક સામ સામે અથડાતા પ્રૌઢને ગંભીર ઇજા

### બાઇક સાથે અથડાવી ગંભીર ઇજાઓ કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) રાજુલા એસટી ડેપો નજીક તા.૧૧-૨ના રાત્રીના ૮-૦૦ કલાકે કિશોરભાઈ જાની પોતાનું બાઈક જી જે ૧૪ એએલ ૧૪૨૧ લઈને જતાં હતા ત્યારે રોડ ઉપર સામેથી બાઈક જી જે ૧૪ એએન ૯૪૧૨ના ચાલકે પુર ઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી કિશોરભાઈના બાઈક સાથે ભટકાવી છાંતીના તથા પીઠના ભાગે તેમજ ડાબા હાથે ગંભીર ઈજાઓ કરી નાસી ગયાની પુત્ર ભાવેશભાઈ કિશોરભાઈ જાનીએ રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રાજકોટમાં નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા સુવર્ણ પ્રાશન કેમ્પ યોજાશે

રાજકોટ, રાજકોટ નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા તા. ૨૧-૨ બુધવારના સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન યુથપ્રોજેકટના સ્થાપક સ્વાતંત્ર સેનાની સ્વ. ડો. એસ.એન સુબ્બારાવની સ્મૃતિમાં રાજેશ ભાટેલીયાના માર્ગદર્શન હેઠળ પુષ્ય નક્ષત્રના દિવસે સાંજના ૬:૩૦થી ૭: ૩૦ડો. એલ.બી. રાવલને ત્યા ૧૧૩ મારૂતિનંદન ગેલેકસી હોટલ સામે જવાહર રોડ પહેલા માળે રાજકોટ મુકામે આયોજન કરવામાં આવેલ છે.

## રૂપિયા દોઢ લાખની લોન લઇ ભરપાઇ ન કરતા બે વર્ષની સજા પામેલ બાકીદારને ઝડપી લેતી અમરેલી ફર્લો સ્કવોર્ડ

### સજા કરેલ શખ્સને પકડ વોરંટ આધારે ઝડપી લઇ વડિયા પોલીસને સોંપ્યો



અમરેલી, આ કામના આરોપીએ સૌરાષ્ટ્રશરાફી સહકારી મંડળી મોટી કુંકાવાવ ખાતેથી રૂ. ૧,૫૦,૦૦૦/- ની લોન લીધેલ અને જે લોન ભરપાઈ ન કરતા નામદાર જ્યુ.ફ.ક.મેજી.સા. વડીયા કોર્ટમાં નેગો એકટ ક.૧૩૮ મુજબ ફરીયાદ થયેલી જે કામે નામદાર વડીયા કોર્ટ દ્વારા આરોપીને સદરહું ગુન્હામાં કસુરવાર ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા કરેલ હોય અને જે કામે આરોપી પકડ વોરંટમાં ફરાર હતો . આરોપી મહેશ રવજી આંબલીયા રહેવાસી બળવાળા બાવીસી વિરૂધ્ધ કાર્યવાહી કરી પકડ વોરંટના આધારે આરોપીને મોટા ભંડારીયા ગામેથી ઝડપી લઈ વડીયા પોલીસ સ્ટેશનને સોંપી આપેલ છે.

## નૃત્ય, નાટક અને સંગીતના શુભ સમન્વય સાથે અભિવ્યકિતનું વડોદરામાં પુનરાગમન

### ટોરેન્ટ ગૃપનું યુએનએમ ફાઉન્ડેશન અગામી ૧૭-૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ અભિવ્યકિત-ધ સિટી આર્ટસ પ્રોજેકટ લઇને આવી રહ્યું છે



